# પ્રસાર ભારતી

## પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 20-06-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ યુજીસી-નેટ પરિક્ષા રદ કરવાનો કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયનો નિર્ણયઃ સીબીઆઇને તપાસ સોંપવામાં આવી
- ✓ કેન્દ્ર સરકારે ડાંગર, કપાસ, બાજરી સહિત 14 ખરીફ પાકનાં લઘુતમ ટેકાનાં ભાવ વધાર્યા
- ✓ રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી અને અનુદાનિત શાળાઓમાં સાત હજાર 500 શિક્ષકોની કાયમી ભરતી કરવામાં આવશે
- ✓ રાજ્યની એમઈ-એમ ટેક, એમ ફાર્મ કોલેજોની બેઠકો પર પ્રવેશ માટે આજથી ઓનલાઈન રજિસ્ટ્રેશન પ્રક્રિયાનો પ્રારંભ.
- ✓ રાજ્યની તમામ સરકારી આઇટીઆઇ ખાતે સમર સ્કિલ વર્કશોપનું આયોજન કરાયું
- ✓ છેલ્લાં 24 કલાકમાં રાજ્યનાં 28 તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો

## UGC-NET

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન- નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ (યુજીસી-નેટ) 2024 પરિક્ષા રદ કરવાનો નિર્ણય લીધો છે.

ગૃહ મંત્રાલય હેઠળનાં ભારતીય સાઇબર ગુના સંકલન કેન્દ્રએ આપેલી સૂચનાને આધારે આ નિર્ણય લેવામાં આવ્યો છે. પરીક્ષાની પ્રામાણિકતા સાથે સમાધાન થયું હોવાનાં પ્રાથમિક સંકેતોને પગલે શિક્ષણ મંત્રાલયે આ નિર્ણય લીધો છે. હવે નવેસરથી પરીક્ષા લેવામાં આવશે, જેની માહીતી હવે પછી

આપવામાં આવશે. આ પ્રકરણમાં વધુ તપાસ માટે સીબીઆઇને તપાસ સોંપવામાં આવી છે. સરકાર વિદ્યાર્થીઓનાં હિતોનું રક્ષણ કરવા અને પરીક્ષાની પવિત્રતા સુનિશ્ચિત કરવા પ્રતિબધ્ધ છે એમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે મંગળવારે દેશભરનાં 317 શહેરોમાં નવ લાખ વિદ્યાર્થીઓએ યુજીસી-નેટ પરીક્ષા આપી હતી. આ પરીક્ષા નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા હાથ ધરવામાં આવે છે. અગાઉ, મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની નીટ પરીક્ષામાં કથિત ગેરરિતીને પગલે તપાસનાં આદેશ આપવામાં આવ્યા છે.

.................

## Ashwini Vaishnava

નવી દિલ્હીમાં ગઈકાલે મીડિયાને સંબોધતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, કેબિનેટે માર્કેટિંગ સીઝન 2024-25 માટે 14 ખરીફ પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ (MSP)ને મંજૂરી આપવામાં આવી છે.

તેમણે વધુમાં કહ્યું કે, ડાંગર, કપાસ, બાજરી, કઠોળ, તેલીબિયાં માટે MSPમાં નોંધપાત્ર વધારાથી ખેડૂતોને ફાયદો થશે.

શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે, સરકારે પ્રથમ ઓફશોર વિન્ડ ટર્મિનલ વિકસાવવાનું નક્કી કર્યું છે. તેમણે કહ્યું કે, ગુજરાત અને તમિલનાડુમાં 500 મેગા વોટની ક્ષમતા ધરાવતા બે પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે. આ સાથે મહારાષ્ટ્રમાં વાધવન બંદર અને વારાણસીમાં લાલ બહાદુર શાસ્ત્રી આંતરરાષ્ટ્રીય એરપોર્ટના વિકાસને પણ મંજૂરી આપી છે. તેમણે કહ્યું કે, એરપોર્ટને ગ્રીન એરપોર્ટ તરીકે વિકસાવવામાં આવશે અને પર્યાવરણીય ટકાઉપણું સુનિશ્ચિત કરવામાં આવશે..

.................

## I Khedut portal

ખેડુતોને ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ ઘરઆંગણે આસાનીથી મળી રહે તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા www.ikhedut.gujarat.gov.in પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે.

આઇ ખેડુત પોર્ટલ પર સ્માર્ટફોન, પાક સંગ્રહ સ્ટ્રક્ચર તથા પાણીના ટાંકાના બાંધકામ પર સહાય યોજના માટે ઓનલાઇન અરજીઓ માટે આઈ-ખેડુત પોર્ટલ ૮ દિવસ માટે ખુલ્લુ રાખવામાં આવશે.

રાજ્ય સરકારશ્રી દ્વારા સને ૨૦૨૪-૨૫ માટે આઇ ખેડુત પોર્ટલ પરંતુ ટેકનિકલ ખામીઓના કારણે ખેડુતો અરજી ન કરી શક્યા હોવાથી આઇ ખેડુત પોર્ટલ વધુ ૭ દિવસની જગ્યાએ ૮ દિવસ માટે ખુલ્લુ રાખવામાં આવશે, જેની ખેડૂતોને નોંધ લેવા જિલ્લા પંચાયત કચેરી, રાજકોટની યાદીમાં જણાવાયું છે

.................

## Prime Minister Samman Nidhi

મહીસાગર જિલ્લાના ખેડૂતોના ખાતામાં પ્રધાનમંત્રી સન્માન નિધિ યોજના અંતર્ગત 2000 રૂપિયાનો 17 મો હપ્તો જમા થતાં ખેડૂતોએ પ્રધાનમંત્રીનો આભાર માન્યો છે.

મહિસાગરના પ્રતિનધિ વિરેન જોશી જણાવે છે કે  કે મહીસાગર જિલ્લા માં 1 લાખ 50 હજાર 108 ખેડૂતોને આ યોજનો લાભ  મેળવી રહ્યા છે અને હવે નજીકના સમયમાં વરસાદની શરૂઆત થતાં ખેડૂતો ખેતી કામમાં જોતરશે ત્યારે ખરા સમયે આ 2000 રૂપિયા ખેડૂતોને ખેતી કામમાં બિયારણ તેમજ ખાતર લાવવવા ઉપયોગી નીવડશે જેના કારણે ખેડૂતો પણ પ્રધાનમંત્રી નો આભાર માની રહ્યા છે.

.................

## TET UMEDVAR KAYAMI BHARTI

રાજ્ય સરકારે ગુજરાતની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી અને અનુદાનિત શાળાઓમાં આગામી ત્રણ મહિનામાં 7 હજાર 500 જેટલા શિક્ષકોની કાયમી ભરતી કરવાનો નિર્ણય કર્યો છે.

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં  આ નિર્ણય લેવાયો છે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ અંગે જણાવ્યું કે, રાજ્યની અનુદાનિત શાળાઓમાં T.A.T–સેકેન્ડરી અને T.A.T.–હાયર સેકેન્ડરી પાસ ઉમેદવારોની યોગ્યતાના આધારે કસોટી પ્રમાણે કાયમી ભરતી કરવામાં આવશે. T.E.T.-વન અને T.E.T. -2ના ઉમેદવારોની પણ ભરતી પ્રક્રિયા હાથ ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે.

શ્રી પટેલે જણાવ્યું કે, માધ્યમિક એટલે કે, ધોરણ નવ અને ધોરણ દસની સરકારી શાળામાં કુલ 500 અને અનુદાનિત શાળામાં ત્રણ હજાર એમ કુલ 3 હજાર 500 T.A.T. 1 પાસ થયેલ ઉમેદવારોની ભરતી કરવામાં આવશે. જ્યારે ઉચ્ચતર માધ્યમિક એટલે કે, ધોરણ 11 અને ધોરણ 12માં સરકારી શાળામાં 750 અને અનુદાનિત શાળામાં 3 હજાર 250 એમ મળીને T.A.T. 2ના કુલ 4 હજાર જેટલા ઉમેદવારોની ભરતી કરવામાં આવશે. તાજેતરમાં જ એક હજાર 500 જેટલા H.M.A.T. આચાર્યની ભરતી રાજ્યની અનુદાનિત શાળાઓમાં કરવામાં આવી છે.

અત્રે નોંધનીય છે કે, રાજ્યમાં છેલ્લા 10 વર્ષમાં કુલ 18 હજાર 382 જેટલા શિક્ષકોની કાયમી ભરતી કરવામાં આવી છે.

..................

ME M Pharm admission

રાજ્યની એમઇ-એમ ટેક, એમ ફાર્મ કોલેજોની બેઠકો પર પ્રવેશ માટે આજથી ઓનલાઇન રજીસ્ટ્રેશન પ્રક્રિયાનો પ્રારંભ થશે.

જે 1 જુલાઇ સુધી ચાલશે. બીજી તરફ, એમબીએ-એમસીએ કોલેજોની બેઠકો માટે 21 જૂનથી 17 જુલાઇ સુધીમાં સીમેટ આધારિત ઓનલાઇન રજીસ્ટ્રેશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, જ્યારે એમબીએ, એમસીએ, કોર્સની સિમેટ આધારિત ઓનલાઇન રજીસ્ટ્રેશન પ્રક્રિયાનો પ્રારંભ આવતી કાલે બપોરે બે વાગ્યાથી થશે. આ રજીસ્ટ્રેશન પ્રક્રિયા 11 જુલાઇ સુધી પ્રવેશ સમિતિની વેબસાઈટ પરથી કરી શકાશે.

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.................

## ITI – SUMMER SKILL WORKSHOP

રાજ્યસરકારે વિદ્યાર્થીઓને કૌશલ્ય તાલીમ પ્રત્યે રૂચિ કેળવવા ગુજરાતની તમામ સરકારી આઇ.ટી.આઇ. ખાતે 'સમર સ્કિલ વર્કશોપ' નું આયોજન કર્યું છે.

જે અંતર્ગત આઇ.ટી.આઇ. કુબેરનગર ખાતે તાજેતરમાં શાળા કોલેજના વિદ્યાર્થીઓ માટે સમર સ્કિલ વર્કશોપ યોજાઇ રહ્યો છે. જેમાં વિદ્યાર્થીઓને સંસ્થાની અને વેપાર-ઉદ્યોગ જગતની જાણકારી, આઇ.ટી.આઇ. કર્યા પછી મળતી રોજગારી-સ્વ-રોજગારીની અને મશીનરીની માહિતી આપવામાં આવી રહી છે.

સમર સ્કિલ વર્કશોપમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને વિના મુલ્યે ૯૦૦ જેટલી કિટ પણ આપવામાં આવી છે. હાલમાં આઇ.ટી.આઇ. અભ્યાસ માટે જે એડમિશન ચાલી રહ્યા છે જેમાં ૪૧ જેટલા ટ્રેડમાં કુલ ૨ હજાર ૯૦૦ જેટલી બેઠકો ભરાશે. ઉલ્લેખનીય છે કે આઇ.ટી.આઇ.ની તાલીમ પૂર્ણ કર્યા બાદ ઈચ્છુક તમામ તાલીમાર્થીઓને પ્લેસમેન્ટ અને એપ્રેન્ટીસશીપની ઓફર કરવામાં આવે છે. આઈટીઆઈ કર્યા બાદ સીધા ડિપ્લોમા, ડિગ્રી કે ગ્રેજ્યુએશન કોર્ષમાં પ્રવેશ મેળવી શકે છે.

.................

## STATE YOG DIVAS UJAVANI

રાજ્યભરમાં નડાબેટ સહિત કુલ 312 મુખ્ય સ્થળોએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી શુક્રવાર 21મી જૂનના રોજ કરાશે.

રાજ્યકક્ષાનો કાર્યક્રમ નડાબેટ ખાતે યોજાશે. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી રમતગમત રાજ્યમંત્રી હર્ષ સંઘવી સાથે 2 હજાર 500 જેટલા યોગસાધકો જોડાશે.

.................

## Rain

ગઇ કાલે રાત્રે સાડા આઠ કલાકે પૂરા થયેલા 24 કલાક દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રનાં કેટલાંક ભાગોમાં વરસાદ પડ્યો હતો, જ્યારે કચ્છમાં હવામાન સુકુ રહ્યું હતું.

છેલ્લાં 24 કલાકમાં રાજ્યનાં 28 તાલુકામાં વરસાદ પડ્યો હતો. સૌથી વધુ બે ઇંચ વરસાદ ઉમરગામમાં પડ્યો હતો.

હવામાન ખાતાની યાદી જણાવે છે કે, આજે દક્ષિણ ગુજરાતનાં નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, વલસાડ, તાપી અને દમણ તથા કેન્દ્રીશાસિત દાદરા નગર

હવેલીમાં છુટાછવાયા વિસ્તારોમાં ઉપરાંત, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ ઉપરાંત સૌરાષ્ટ્રનાં સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, અમરેલી, મોરબી, ગીર સોમનાથ, કચ્છ અને કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં હળવોથી મધ્યમ વરસાદની આગાહી છે. રાજ્યનાં બાકીનાં ભાગોમાં હવામાન સુકું રહેશે.

બુધવારે રાજ્યમાં સૌથી વધુ 42 ડિગ્રી સેલ્સિયસ તાપમાન વલ્લભ વિદ્યાનગર ખાતે નોંધાયું હતું. અમદાવાદ અને ગાંધીનગરમાં 41 ડીગ્રી, વડોદરામાં 38 ડિગ્રી, સુરતમાં 33 ડિગ્રી, રાજકોટમાં 39 ડીગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.અમારા ભાવનગરના પ્રતિનિધી જણાવે છે કે, ગઈ કાલે શહેરમાં 7 મિલિમીટર વરસાદ પડ્યો હતો. મહત્તમ તાપમાન 36.7 ડિગ્રી રહ્યું હતું.

.................

## Rajkot Premonsoon

ચોમાસાનો પ્રારંભ થાય તે પૂર્વે રાજકોટ ઝોન વિસ્તારમાં પ્રિ-મોન્સૂન કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.

જેતપુર, ભાયાવદર, હળવદ, કાલાવડ, સિક્કા, ખંભાળીયા, જામરાવલ, ભચાઉ, ધોરાજી, મોરબી, ઓખા, સલાયા, ભુજ, ગાંધીધામ, ધ્રોલ સહિતની નગરપાલિકાઓમાં વરસાદી પાણીના નિકાલ માટે વિવિધ કામગીરી હાથ ધરાઈ છે.

નગરપાલિકા વિસ્તારમાં નાળાઓની સફાઈ, ભૂગર્ભ ગટર પાઈપ લાઈન તથા મેન હોલ ચેમ્બરની સફાઈ, વૃક્ષોને કાપવા સહિતની કામગીરી પૂરી થઈ છે.

આગામી દિવસોમાં ભારે વરસાદને પગલે સંભવિત પરિસ્થિતિ માટે સજ્જ રહેવા પ્રાદેશિક કમિશનર દ્વારા રાજકોટ ઝોનની તમામ નગરપાલિકાઓને સૂચના આપવામાં આવી છે.

.................

## Celebrating Yoga Day

પાટણના રિજિયોનલ સાયન્સ સેન્ટર ખાતે "મહિલા સશક્તિકરણ માટે યોગ" થીમ પર ગુજકોસ્ટ ગાંધીનગર આયોજિત વેબિનારનું લાઇવ પ્રસારણ કરાયું.જેમાં 100થી વધુ કિશોરીઓ અને મહિલાઓએ ભાગ લીધો હતો.

પાટણના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે આ વેબીનારમાં નિષ્ણાત ડો. મિતાલી વસાવડા, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ડો. કવિતા જે ચાવડા, અને લકુલીશ યોગ યુનિવર્સિટીના યોગ શિક્ષક શ્રીમતી શિલ્પા યુતિષ્ઠિર દ્વારા મહિલાઓને સ્વસ્થ તથા વધુ સંતુલિત જીવન જીવવા માટે સશક્તિકરણમાં યોગના સર્વસમાવેશક લાભોને ઓળખવા વગેરે વિશે જાણકારી આપવામાં આવી હતી.

સાયન્સ સેન્ટરના ડો. સુમિત શાસ્ત્રીએ મહિલાઓ માટે યોગના મહત્વ વિશે જણાવ્યું કે યોગ શારીરિક શક્તિમાં વધારો કરે છે જેથી માનસિક તણાવ ઘટે છે જેને લીધી વ્યક્તિમાં આત્મવિશ્વાસ વધે છે અને એકંદરે શારીરિક અને માનસિક સ્વાસ્થ્યમાં સુધારો થશે જે,મહિલાઓને પડકારોનો સામનો કરવા અને પરિપૂર્ણ જીવન જીવવા માટે સક્ષમ બનાવે છે.

.................

## Narmada water for Uttar Gujarat

પૂરક સિંચાઈ માટે નર્મદા મુખ્ય નહેર આધારીત ઉદ્વહન પાઈપલાઈનો મારફત ઉત્તર ગુજરાત માટે ૧૦૨૯ MCFT તેમજ સૌરાષ્ટ્ર વિસ્તાર માટે ૧૩૦૨

MCFT મળી કુલ ૨૩૩૧ MCFT નર્મદાનું પાણી 30 જૂન સુધી ફાળવવાનો ખેડૂતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે.

ગઈ કાલે ગાંધીનગર ખાતે ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.

આ અંગે પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ચોમાસા પહેલા ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર વિસ્તારના ખેડૂતો દ્વારા બહોળા પ્રમાણમાં ખરીફ પાકનું વાવેતર થાય, તે આયોજનના ભાગરૂપે પૂરક સિંચાઈ માટે તળાવો તથા ચેકડેમો ભરવા નર્મદાના પાણીની ફાળવણી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

નર્મદાના પાણીની ફાળવણીથી ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર વિસ્તારના અંદાજીત ૬0,000 એકર ખેતીલાયક વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.

.................

## Prakrutik Mart in Nadiad

નડિયાદમાં સંતરામ મંદિર પાસે પ્રાકૃતિક માર્ટ શરૂ કરવામાં આવ્યો છે. આ પ્રાકૃતિક માર્ટમાં પ્રાકૃતિક કૃષિથી તેયાર થયેલ બાજરો, રાગી, મોરૈયો સહિતના જાડા ધાન્ય, કઠોળ, મરી-મસાલા, મરચુ, ધાણાજીરુ, લીલી શાકભાજી અને ફળ સહિતની તમામ ખેતપેદાશોનું વાજબી ભાવે વેચાણ કરવામાં આવે છે.

એપ્રિલ મહિનાથી શરૂ થયેલ આ પ્રાકૃતિક માર્ટમાં અત્યાર સુધી રૂપિયા બે લાખની રકમની ખેતપેદાશોનું વેચાણ કરવામાં આવ્યું છે.

આ અંગે પ્રાકૃતિક માર્ટના સંચાલક ખેડુત ઘનશ્યામ પટેલ જણાવે છે કે આ વેચાણ કેન્દ્રથી નડિયાદ સહિત સમગ્ર ખેડા જિલ્લાવાસીઓને સરળતાથી પ્રાકૃતિક ખેત પેદાશોની ખરીદી કરવાનો વિકલ્પ મળ્યો છે.

.................

## Khelo India Rising Talent Identification

ખેલો ઇન્ડિયા રાઇઝિંગ ટેલેન્ટ આઇડેન્ટિફિકેશન (KIRTI) કાર્યક્રમ હેઠળ નાની દમણના વિવેકાનંદ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે 9 થી 18 વર્ષના રમત ગમત ખેલાડીઓનું પ્રતિભા મૂલ્યાંકન કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પાંચ દિવસમાં રાજ્યના પ્રતિભાશાળી 1 હજાર 22 યુવા ખેલાડીઓનું બે તબક્કામાં મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું, જેમાં એથ્લેટિક્સ, કબડ્ડી, ખો-ખો, ફૂટબોલ અને વોલીબોલ એમ પાંચ રમતોમાં સામાન્ય શારીરિક માપદંડો સાથે જે તે રમત માટે તેમનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું જે અંતર્ગત એથ્લેટિક્સમાં 236, ફૂટબોલમાં 318, ખો-ખોમાં 199, કબડ્ડીમાં 166 અને વોલીબોલમાં 103 યુવાનોએ ભાગ લીધો હતો.

ખેલો ઈન્ડિયા મિશન હેઠળ આ (KIRTI) એક મહત્વાકાંક્ષી અને દેશવ્યાપી કાર્યક્રમ છે. તેનો મુખ્ય ઉદ્દેશ ટેકનોલોજીના ઉપયોગ થકી દેશના દરેક ખૂણેથી 9 થી 18 વર્ષની વયજૂથના યુવાનોની પ્રતિભાને ઓળખવાનો અને પ્રતિભા દર્શાવવા માટે રમતવીરોને એક સામાન્ય પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે.

.................